# પ્રકરણ ૭:

# મોહનિશા

# સ્વપ્નવાસ્તવનું નિરૂપણ

પિનાકિન નટવરલાલ દવેનો જન્મ ગાંધીનગર જિલ્લાના રૂપાલ ગામે ૧૦મી જૂન ૧૯૩૫ના રોજ થયો હતો. ૧૯૫૧માં તેઓ મેટ્રિકની પરીક્ષા પાસ કરી સંસ્કૃત અને ગુજરાતી વિષય સાથે ૧૯૫૭માં સ્નાતક અને સંસ્કૃત તથા પ્રાકૃત વિષય સાથે ૧૯૫૯માં અનુસ્નાતકની પદવી પ્રાપ્ત કરે છે. ત્યારબાદ ૧૯૬૩માં મુંબઈ યુનિવર્સિટીમાંથી તેઓ પીએચ.ડી.ની પણ પદવી પ્રાપ્ત કરે છે.

૧૯૬૩થી તેઓ ૧૯૬૮ સુધી તેઓ એક પ્રાઇવેટ કંપનીમાં મેનેજર તરીકે નોકરી કર્યા પછી ૧૯૬૮થી અમદાવાદમાં આવેલી વિવેકાનંદ આર્ટ્સ કોલેજમાં પ્રોફેસર તરીકે જોડાઈ આજીવન ત્યાં જ પોતાની સેવાઓ આપી નિવૃત્ત થાય છે.

એક ડઝનથી વધુ નવલકથા આપનાર સર્જક પિનાકિન્ દવે પાસેથી અગિયારમી નવલકથા રૂપે વાચકને 'મોહનિશા' મળે છે. 'વિશ્વજિત્'થી શરૂ થયેલ તેમની સર્જન યાત્રામાં 'અનુબંધ', 'વિવર્ત', 'છાયા', 'આધાર', 'ઉર્ધ્વબાહુ', 'અનિકેત', 'ત્રીજો સૂર', 'અધિપુરુષ', 'પ્રલંબ પથ', 'આંખ વિનાનું આકાશ' જેવી નવલકથાઓ તથા 'તૃપ્તિ', 'ડૂબતા અવાજો' જેવા વાર્તાસંગ્રહો 'પૂર્વપક્ષ' નામે લેખસંગ્રહ અને 'નંદશંકર'ની પરિચય પુસ્તિકા મળે છે. તેમની નવલકથાઓ હિન્દી ભાષામાં પણ અનુવાદ પામીછે જેમાં 'વિશ્વજિત્', 'અનુબંધ' ઉપરાંત 'વિવર્ત' નવલકથા 'સૂખે છિલકે', તથા 'આધાર' નવલકથા 'અધૂરે આધાર' અનુવાદ થયેલી છે. ગુજરાત સાહિત્ય અકાદમી-ગાંધીનગર દ્વારા તેમને એવોર્ડ પણ આપવામાં આવેલ છે.

નવલકથા વિશે વાત કરતા પહેલા નવલકથાના શીર્ષકને સમજીએઃ 'મોહનિશા' શબ્દ જ મોહ, માયા, મમતા જેવા અર્થો સૂચવે છે. માનવનું સમગ્ર જીવન એવી મોહ રૂપી રાત્રી છે જેની કોઇ સવાર નથી. સવાર થતા ફરી મોહ-માયાનો અંધકાર છે. જ્યાં મોહ, માયા, મમતા હોય ત્યાં તેને ખોઇ બેસવાનો ડર પણ હોય. 'મોહનિશા' નવલકથા આ મોહ અને ડર વચ્ચેના સંઘર્ષની નિશા(રાત્રી) છે. નવલકથાના 'પ્રાક્કથન'માં મોહનિશા શબ્દને સુંદર રીતે સમજાવતા પિનાકિન્ દવે લખે છે કેઃ "માર્કંડેય પુરાણના 'સપ્તશતી' નામથી જાણીતા ખંડમાં એક સ્થાને બ્રહ્મા મહામાયાની સ્તુતિ કરતાં કહે છે; कालरात्रिर्महारात्रिर्मोहरात्रिश्च दारुणा। આ દારૂણ મોહરાત્રિ તે દુરત્યયા મહામાયાનું જ રૂપ છે. તુલસીદાસજી 'મોહનિશા' શબ્દ પ્રયોજે છે અને તેનાથી બચવાનો ઉપાય

પણ ચીંધે છેઃ પરંતુ અહં અને મમતાથી ઘેરાયેલા જીવને મોહનિશામાંથી છૂટવાનું દુષ્કર બને છે.'' (પ્રાકકથન, પાના નં.૫)

'મોહનિશા' નવલકથાનું કથનકેન્દ્ર પ્રથમ પુરુષ એકવચન છે. સમગ્ર નવલકથા પૂર્ણ થઈ ગયા પછી પણ નાયકનું નામ આપણને જાણવા મળતું નથી. સમગ્ર નવલકથા 'સવાર', 'બપોર', 'સાંજ' અને 'સવાર' એમ ચાર ખંડમાં વિસ્તરેલી છે. આ ઉપરાંત શરૂઆતમાં એક નાના પ્રકરણમાં પૂર્વભૂમિકા બંધાઈ છે. નાયક પોતાના બે બાળકો સંદીપ અને પ્રદીપ સાથે ભાડાનું મકાન છોડી પોતે નવા બંધાવેલા મકાનમાં રહેવા જવાની તૈયારી કરે છે ત્યાંથી આ નવલકથા આરંભાય છે. નાયક સામાન્ય કુટુંબમાં જન્મેલ સામાન્ય વ્યક્તિ છે. સમગ્ર નવલકથા નાયકના વિચારોથી ભરચક છે. જેને પોતાનું કહ્યું છે કે માન્યું છે એ વ્યક્તિ કે વસ્તુ છિનવાઈ જાય છે. બાળપણમાં જન્મ પછી સવા વર્ષે માતા મૃત્યુ પામી. નાયકને અવું પણ જાણવા મળે છે કે પોતાના જન્માક્ષરમાં જ લખેલું હતું કે પોતાના જન્મ પછી તેના માતા-પિતા પર ઘાત રહેશે. માતાનું મૃત્યુ આ જ કારણે થયું હોય એમ તે અને તેના પિતા પણ માને છે. પોતાની માતાના અવસાન વખતે પોતે તો બહુ દુ:ખી થાય છે પણ તેને લાગે છે કે તેના પિતાને થોડી શાંતિ થઈ હતી કેમ કે હવે એને એવું લાગ્યા કરતું હતું કે સારું થયું પોતાને કંઈ ન થયું. નાયકની માતાના અવસાન પછી પોતાના પિતા બીજા લગ્ન કરી ઓરમાન મા ઘરે લાવે છે. પરંતુ એક વાત સ્પષ્ટ કરી લેવી જોઈએ કે ઓરમાન માનું કોઇ મોટીફ અહીં આવતું નથી. તેના બદલે નવી મા આવતા પિતાનું વર્તન ઓરમાયું થઇ જાય છે. એની પાછળ માત્ર અને માત્ર નાયકના પિતાની જ માનસિક સ્થિતિ જવાબદાર છે. નવી આવેલી ઓરમાન મા તો નાયકને કોઈ રીતે હેરાન પરેશાન કરતી નથી. નાયક પોતાના જ ઘરમાં મજૂરી કરી જીવતો હોય એવું પણ એક ક્ષણે તો તેને લાગે છે અને એનો એકરાર પણ તે કરે છે. આ ક્ષણે પ્રગટતું નાયકનું મનોમંથન જૂઓઃ 'મને લાગ્યા કરતું કે હું જ નહોતો પરવડતો. હું તેમના આખા કુટુંબમાં જાણે બહારનો માણસ હતો. એ સહુ બેસીને વાતો કરતાં હોય ને હું સામેલ થવા જાઉં તો એ તરત મને કામે બહાર મોકલી આપે. હું જાણે મારા પિતાના ઘરમાં જ મજૂરી કરીને ખાતો હતો.'(પાના નં. ૬૬) નાયકનું મોટાભાગનું બાળપણ માતાના અભાવે માસીના ઘરે વીતે છે. નાયકની માસી આસપાસ રહેતા પૈસાદારોના ઘરે ઘરકામ માટે જતા. માસી વિશે નાયકને એવા પણ વિચારો આવતાં કે, 'માસી કોઈક હંસિની છે. પણ એ તળાવના પાણીમાં બગલાની સાથે માછલાં

પકડવા ઊભાં છે. એમની પાંખો પર કાદવના ડાઘા છે.' (પાના નં.૩૬) નાયકના આવા વિચારો માટે આસપાસના લોકો માસી વિશે જે ટીકાટીપ્પણી કરતા એ બાબતો જવાબદાર હતી. તેમ છતાં નાયકને માસી કરતાં માસા વધારે ગમતાં. માસા કોઈ જ કામ કરતાં નહોતાં. માસા પોતાના પોતાના જ ઘરમાં ચોરી કરતા એવું પણ નાયકને ખબર પડી હતી, તેમ છતાં નાયક એ બાબતે ચૂપ રહે છે. નાયક માસીના ઘરે રહેતા હતા એવા વખતે તેને થોડું ઝાંખું દેખાવા લાગ્યું. વાંચતી વખતે નાયકની આંખો એકદમ ઝીણી થઇ જતી એવું માસીએ જોયેલું. આથી નાયકને પહેલી વખત ચશ્મા પણ માસી જ લઈ આપે છે. માસીએ લઈ આપેલા ચશ્માની ફ્રેમ જાડી હતી. આથી નિશાળે છોકરાઓ પણ નાયકને ચીડવતા. એના લીધે નાયકને એ ચશ્મા પ્રત્યે અણગમો પેદા થયો હતો. આથી નાયક ચશ્માની ઓછી કાળજી રાખતા હતા. તેવામાં નાયકના હાથમાંથી પડી જવાથી ચશ્મા તૂટી જાય છે. માસી આ વાત જાણીને ખૂબ લડે છે. માસીનું લડવું નાયકને ગમતું નથી, આથી નાયક માસીનું ઘર છોડી દેવાનો નિર્ણય કરે છે. ફરી મેટ્રિકની પરીક્ષા આપવા માટે માસીના ઘરે પરીક્ષા ચાલે છે ત્યાં સુધી રોકાય છે. મેટ્રિકની પરીક્ષા પાસ કર્યા પછી પણ નાયકને આગળ અભ્યાસ કરવાની ઇચ્છા હતી. આગળ આભ્યાસ માટે પિતા પાસેથી પૈસા માંગ્યા ત્યારે પિતાએ પૈસા આપવાની ના પાડી દીધી. જેથી કરી નાયક આગળનો અભ્યાસ કરી શકતો નથી. પિતા, માસા-માસીનું ઘર છોડ્યા પછી પોતે શહેર આવી જાય છે. શહેરમાં આવી શરૂઆતનો થોડો સમય નાયક વીસીમાં રહે છે. પછીથી પોતે ભાડાના મકાનમાં એકલો રહે છે. અભ્યાસ ઓછો હોવાથી અનાયાસે ઓછા પગારમાં એક ઓફિસમાં ક્લાર્કની નોકરી કરવી પડે છે. સાત વર્ષ શહેરમાં એકલા રહ્યા પછી નાયકના લગ્નની વાત નીકળે છે. તેને જોવા માટે છોકરી વાળા પણ આવે છે. નાયકના આંખે જાડા ચશ્મા જોઈ છોકરીના પિતા જ પોતાની દીકરી માટે આ મુરતિયાને ના પાડી દે છે. પછી નાયકના પિતા નાયકને પૂછ્યા વગર જ સીમા નામની કન્યા સાથે તેના લગ્ન નક્કી કરી દે છે. નાયકના લગ્નનો ખર્ચ પણ નાયક પાસેથી તેના પિતા લે છે. લગ્ન પૂર્વે જ પૈસા બાબતે નાયક સાથે આ બાબતે તેના પિતાએ શરત મૂકી હતી કે લગ્નના ખર્ચ માટે બે હજારનો ખર્ચ થશે. જો એ ખર્ચ માટેના પૈસા નાયક આપશે તો જ નાયકના લગ્ના તેઓ કરાવી આપશે. સાત વર્ષથી શહેરમાં એકલો રહી ૨૭ વર્ષની વયે પહોંચેલો નાયક જાતે જમવાનું બનાવી કંટાળી ગયેલો હોવાથી તેને કોઈપણ ભોગે એક જીવનસાથીની જરૂર હતી જે આ રીતે પૂરી થાય છે.

સામે પક્ષે ઓરમાન માતા દ્વારા જન્મેલ બે ભાઇઓ દિનેશ અને ત્રિલોકના લગ્ન નાયકના પિતા સ્વખર્ચે કરાવી આપે છે. લગ્ન વખતે દિનેશ અને ત્રિલોક બન્નેમાંથી એક પણ ભાઈ કંઈ પણ કમાતા નહોતા. આથી નાયકને થોડું લાગી આવે છે. નાયકની પત્ની સીમા અને નાયક એક રાત્રે વાત કરતાં હતાં ત્યારે આ બાબતે સીમા નાયકને કહે છે કે, 'તમારા બાપને કહી દોને કે હું કોઈ તમારો ઓરમાન દિકરો નથી. લાવો એ રૂપિયા પાછા. એટલા રૂપિયા આપણી પાસે હોય તો કેટલા કામ આવે! પણ તમારાથી બાપની સામે એક હરફે બોલાશે નહીં જાણે મોઢું જ સીવાઈ ગયું.' (પાના નં. ૭૬) આ ઉપરાંત પિતાની મિલકતના ભાગલાંમાંથી નાયકને સૌથી ઓછો ભાગ આપવામાં આવે છે. કહો કે કંઈ જ આપવામાં આવતું નથી. તેમ છતાં નાયક કંઈ બોલતો નથી.

એકવખત નાયકના પિતા નાયક ભાડાના મકાનમાં રહેતા હતા ત્યારે તેના ઘરે ગયેલા. સીમાએ પોતાના સસરા પાસે પોતાના નવા ઘર બનાવવા માટે પૈસા માંગેલા, 'બાપુજી, થોડાક રૂપિયા આપો તો અમારુંયે એક નાનકડું ઘર થાય એ અમે ભાડું ભરતા બંધ થઈએ.' (પાના નં.૯૨) ત્યારે પણ નાયકના પિતાએ પૈસાની ના પાડી દીધી હતી, 'તમારી પાસે રૂપિયા હોય તો મકાન કરો, બાકી મારી પાસેથી રૂપિયા મળે ને ઘર બનાવો એવી આશા રાખશો નહીં. તમારે તો ઠીક છે, ભાડું ભરવાનું બચી જાય ને મારા રૂપિયાની વ્યાજખાધ પડે તેનું શું થાય?' (પાના નં. ૯૨) જેથી સીમા રડી પડી હતી.

સીમાની તબિયત લાંબા સમય સુધી સારી ન જણાતાં નાયક સીમાને ડોક્ટર પાસે તપાસ કરાવવા લઈ જાય છે. ડોક્ટરે પ્રાથમિક તપાસ કરી નાયકને એકાંતમાં બોલાવી સીમાને ગર્ભાશયનું કેન્સર હોઈ શકે એવી આશંકા વ્યક્ત કરી. નાયક આ સાંભળી બેબાકળો બની ગયો. સીમા પણ નાયકને પૂછવા લાગી કે ડોક્ટરે એમને એકાંતમાં શું કહ્યું? નાયકે સીમાના પ્રશ્નનો કોઈ સ્પષ્ટ જવાબ ન આપ્યો. સીમાના ફરીથી બધાં રિપોર્ટ કરાવ્યા ત્યારે ડોક્ટરની આશંકા સાચી ઠરે છે. સીમાને ખરેખર ગર્ભાશયનું કેન્સર હોય છે. સીમા પાસે બહુ ઓછા દિવસો રહ્યા હોય છે. બંને બાળકો થોડાંક મોટા થાય છે, મોટો છ વર્ષનો અને નાનો ચાર વર્ષનો ત્યારે સીમા આ દુનિયા છોડી ચાલી જાય છે. નાના બાળકોને તો વધારે સમજણ નથી પડતી હોતી. નાયકના પાડોશી સારા હતા- દિનકરભાઇ અને તેમના પત્ની નેહાબહેન. નેહાબહેન બંને બાળકોને પોતાના બાળકોની જેમ ઉછેરે છે. મોટા કરે છે. બાળકો પણ નેહાબહેનને પોતાની સગી માતા સમજતા થઈ જાય છે. નાયક

ક્યારેક-ક્યારેક સીમાના ફોટોગ્રાફ એકાંતમાં ચોરીછૂપીથી જોતા ક્યારેક બાળકો નાયકના આવા વર્તાવ વિશે જાણી જતાં, જોઈ જતા. નાયક ઝડપથી બધા ફોટોગ્રાફ સાચવી બંધ કરી મૂકી દેતો. બાળકો તેમને પ્રશ્નો પણ કરતા. એવામાં બાળકો મોટા થવા લાગે છે. વર્ષોના વાણા વાય છે ને સમય વીતે જાય છે. નાયક એક પ્લોટ ખરીદે છે. એ જગ્યાએ પોતાનું નવું મકાન બાંધવાની તૈયારીઓમાં જોડાઈ જાય છે. પુત્ર સંદીપના હાથે ભૂમિપૂજનનો વિધિ કરાવે છે. બ્રાહ્મણ આવી મંત્રોચ્ચાર કરી પૂજાપાઠ કરાવી આપે છે. બાળકો અને બ્રાહ્મણને ઘેર મૂકી આવી નાયક પાછા નવા બનનારા મકાનની જગ્યાએ પહોંચે છે તો બધા મજૂરો કામ કરવાને બદલે એકબાજુ જઈને બેઠાં હોય છે. નાયકને થોડો ગુસ્સો આવે છે. વાત કરતાં જાણવા મળે છે કે જમીનમાં એક જગ્યાએ સાપનું દર હોવાથી મજૂરો કામ શરૂ કરતાં ડરતાં હોય છે. મજુરોના કહેવા પ્રમાણે નાયક તેમને પૈસા આપી નારિયેળ મંગાવી સાપને બહાર કાઢવાનો વિધિ કરાવે છે. વિધિ પૂરો થઈ ગયા પછી પણ સાપ કે કોઈ જીવજંતુ દરમાંથી બહાર આવતો નથી. નાયકને વધુ ગુસ્સો આવે છે. મજૂરોને ધમકાવી કામ શરૂ કરાવે છે. જેવું કામ શરૂ થાય છે એવામાં દરમાંથી સાપના ફૂંફાળાના અવાજો આવવા લાગે છે. મજૂરો ફરી કામ બંધ કરી દે છે. કંટાળેલો અને ગુસ્સે થયેલો નાયક જાતે ત્રિકમ ઉપાડી સાપ પર પ્રહાર કરે છે. આ એક જ ઘાથી સાપનું પ્રાણ પંખેરૂ ઉડી જાય છે. મજૂરો નારાજ થાય છે. ફરી તેમને પૈસા આપી સાપના મૃતદેહને સળગાવી દેવામાં આવે છે. આ બધું કામ પતાવીને નાયક ઘરે જતો હોય છે ત્યારે પણ તેને અવનવા વિચારો આવવા લાગે છે કે સાપની રાખ તેના આખા શરીર પર ઉડી છે અને તેણે પાપ કર્યું છે એવા વિચારો તેને સતાવ્યા કરે છે. આ સાથે તેને પોતાનો ભૂતકાળ પણ યાદ આવે છે. પોતે નાનો હતો ત્યારે તેને એક ચકલીનું બચ્ચું મળ્યું હતું. બચ્ચા પ્રત્યે નાયકને અપાર પ્રેમ ઉભરાઈ આવે છે. બચ્ચું ઊડી ન જાય એ માટે ચકલીના બચ્ચાને નાયક આખો દિવસ હાથમાં જ પકડી રાખે છે. જમીન પર કે ક્યાંય છૂટો મુકતો નથી. એના લીધે ચકલીનું બચ્ચું નાયકના હાથમાં જ મૃત્યુ પામે છે. ત્યારે પણ તેના મિત્રોએ તેમને કહેલું કે તેણે પાપ કર્યું છે. આ પાપનો બદલો તેણે ભવિષ્યમાં ચૂકવવો પડશે. આવા અપશુકનો નાયક સાથે અવારનવાર થયા કરે છે.

નવું મકાન એકાદ વર્ષમાં તો તૈયાર થઈ જાય છે. પંદર વર્ષથી ગૃહસ્થ જીવનમાં એકઠો કરેલો બધો સામાન નવા ઘરમાં ફેરવવા માટે થઈ નાયક ધીમે ધીમે નવા ઘરે લઈ જવા માંડે છે.

આખરે એ દિવસ આવી પડે છે જ્યારે હવે ભાડાના મકાનને વિદાય આપી સહકુટુંબ નાયકે બાકી બચેલા બધા સામાન સાથે નવા બનાવેલા મકાનમાં જઈ ત્યાં સ્થાયી થવાનું હોય છે. આ માટે રવિવાર પસંદ કરવામાં આવે છે, એમ કહો કે રવિવારનું મુહુર્ત નીકળે છે. આ નવલકથા જે સમયપટ ફેલાયેલી છે તે દિવસ આવી જાય છે. નવલકથા રવિવારની સવાર, બપોર, સાંજ, રાત્રિ અને સોમવારની સવાર એટલા સમય પર ફેલાયેલી છે. ઘરનો બાકી બચેલો સામાન લઈ જવા સોમવારની સવારે ટ્રક આવી જાય છે. બાકી બચેલો બધો સામાન ટ્રકમાં ચડાવી નાયક ભાડાના મકાનની વિદાય લે એ પહેલાં પડોશી દિનકરભાઇ અને નેહાબહેનને આખરી વખત મળી લે છે. નેહાબહેન તો ગળગળાં થઇ જાય છે. પોતાના બાળકોથી છુટા પડતા હોય તેવી જ વેદના નેહાબહેનને થતી હતી. નેહાબહેને અને દિનકરભાઇએ નાયકને ક્યારેક-ક્યારેક આંટો મારતા રહેવાની સલાહ આપી. બધા લોકો ટ્રકમાં બેસી ગયા. ટ્રક નવા ઘરે જવા નીકળે છે. રસ્તામાં નાયકની અને ટ્રક ડ્રાઈવરની વાતચીત શરૂ થાય છે. વાતચીતનો દોર લંબાય છે. ટ્રક ડ્રાઈવર પોતાના ઘર વિશે વાત કરતાંકરતાં પોતાના અનુભવો જણાવે છે કે કેવી રીતે તેણે પોતાના ગામડે એક નવું ઘર બનાવેલું પણ વરસાદમાં તે તણાઈ ગયું. ડ્રાઇવરની આ વાત સાંભળી નાયકને પણ દિવાસ્વપ્ન આવે છે કે પોતાનું ઘર પણ વરસાદમાં તણાઈ રહ્યું છે. પરંતુ  તેવામાં તેઓ નવા ઘરે પહોંચી જાય છે.

નાયકની વર્ષોથી ઇચ્છા હતી કે પોતાનું કહી શકાય તેવું એક મકાન તેની પાસે હોવું જોઈએ! એ સ્વપ્નને પૂર્ણ થયા છે. પણ એ સ્વપ્ન જેની સાથે જોયું હતું તેવી તેની અર્ધાંગિની સીમા સાથે ન હોવાનું તેમને દુઃખ પણ છે. નવા મકાનની કલ્પના નાયકે હજારો વાર કરી હતી. તે આજે પૂર્ણ થઈ. નાયકે નવા ઘરમાં ગૃહપ્રવેશ, વાસ્તુ કે એવી કોઈ પૂજાવિધિ કરાવી નથી. "ટ્રક ઉભી રહી. છોકરાઓને પહેલાં નીચે ઉતારી હું પણ ઊતરી પડ્યો. પગમાં ચેતન અનુભવાતું હતું. સાથે લાવ્યો હતો તે થેલીમાંથી આસોપાલવનું તોરણ કાઢી બારણે બાંધ્યું. પાણી લાવી કુમકુમ પલાળ્યું અને તેનાથી મુખ્ય બારણાના ઉંબર પર એક તરફ 'લાભ' અને બીજી તરફ 'શુભ' લખ્યુંઃ વચ્ચે સ્વસ્તિક દોર્યો. મનમાં જ મંત્ર બોલ્યોઃ" (પાના નં. ૧૬-૧૭) આમ, નાયકની આ ચેષ્ટાઓ પર ટ્રક ડ્રાઈવર અને નાયકના બાળકો, મજૂરો તથા ત્યાં ઉપસ્થિત તમામ લોકો આશ્ચર્ય પામે છે. આસપાસના નાના બાળકો ત્યાં આવી પહોંચ્યા હતા. નાયકે બધાને મીઠાઈ આપી.

નવા મકાનમાં ગયા પછી નાયકની મોટી મુશ્કેલી કામવાળી બાઈ શોધવાની, દૂધ બંધાવવાની અને છાપાં બંધાવવાની હતી. પણ આ બધી મુશ્કેલી જાતે જ દૂર થઈ ગઈ. કેમ કે, કામવાળી બાઈ જાતે આવીને પૂછી ગઇ કે એમને કામ બંધાવવું છે? એજ રીતે દૂધવાળો અને છાપાંવાળો પણ સવારે આવીને પૂછી ગયા. આ મૂંઝવણ તો દૂરા થઈ તેવામાં બીજી મૂંઝવણ આવી પડી. બાળકો જેવા અગાશી ઉપર ગયા ત્યાં બાળકોએ અગાસી પર ગીધ જોયું. આ ગીધ ખિસકોલીને ખાઈ રહ્યું હતું. આ રીતે નાયકને પહેલા દિવસે નવા મકાનમાં ગીધ જોવા મળતા વધુ એક અપશુકન થયા જેવું લાગે છે. તેમ છતાં આ બાબતને નજર અંદાજ કરી બધાં નીચે ઉતરી સામાન ગોઠવવામાં મંડી પડે છે.

બપોર પડતાં સુધીમાં અચાનક નાયકની ઓફિસના કર્મચારીઓ નાયકના ઘરે આવી પહોંચે છે. નાયકને પણ પહેલા તો આશ્ચર્ય થાય છે. આ સૌ લોકો નાયકને સામાન ગોઠવવામાં મદદ કરાવવા માટે આવ્યા હોય છે. ઘરમાં બધો સામાન અસ્તવ્યસ્ત અને બાંધેલો હોવાથી મુનશીની સાથે સંદીપ જઈ બજારેથી ચાવાળાને લઈ આવે છે, સાથે સાથે મુનશી તાજાં અને ગરમાગરમ ગોટાં પણ લાવે છે. સૌ કોઈ નાસ્તો કરી સામાન ગોઠવવામાં નાયકની મદદ કરવા લાગે છે.

પહેલા જ દિવસે નાયકના ઘરે ટપાલી આવી ત્રણ તાર આપી જાય છે. પહેલો તાર સીમાના ભાઈ અનિલનો હતો. અનિલે નાયકને ઘર બાંધવા માટે આર્થિક મદદ પણ કરી હતી. બીજો તાર માસીનો હતો અને ત્રીજો કાગળ વીમા કંપનીનો હોય છે. વીમા કંપનીએ નવા ઘરની નોંધ લીધી હોય છે તે બાબતે તેમાં વિગતો લખેલી હતી.

નવા ઘરમાં બધો સામાન નાયકને પૂછી પૂછીને એની જગ્યાએ ગોઠવાતો જતો હતો. નવા ઘરની પાછળના ભાગે ગુલમહોર હતો. આ ગુલાહોરના લીધે નાયકને એક મુસલમાન સુબાનું દિવાસ્વપ્ન પણ આવે છે. જે તેને ગુલમહોરની નીચે દટાયેલા ખજાનાની વાત કરે છે. તેવામાં બિંદુ રસોઈ બનાવી લે છે. ચારેક કલાકમાં ઓફિસના લોકો મળી ઘરનો મોટાભાગનો સામાન ગોઠવી દે છે. સૌ સાથે મળીને જમે છે. જમ્યા પછી નાયકને યાદ આવે છે કે પહેલા દિવસે જ સૌ કોઈ ઠાકરને થાળ ધરાવવાનું ભૂલી ગયા છે. નવા પડોશી શીલાબહેનને પણ એક થાળીમાં ભોજન

નાયક આપી આવે છે. શીલાબહેનને પણ બે બાળકો હોય છે, તેમાંથી નાના નાના બાળકને લકવો થયો હોય છે.

નાયક પાસે પોતાના બાપુજીનો એકમાત્ર ફોટો હતો. જે તેણે એક ફોટોગ્રાફરને એન્લાર્જ કરાવવા માટે આપ્યો હતો. ફોટોગ્રાફરે તે ફોટો ખોઈ નાખ્યો હતો. આથી નાયકે નક્કી કરેલું કે પોતે પોતાના ઘરમાં પોતાનો અને સીમાનો એક ફોટોગ્રાફ એન્લાર્જ કરાવી મઢાવી રાખશે. જેથી જે અનુભવ તેને પોતાને થયો એવો અનુભવ પોતાના બાળકોને ન થાય.

જમ્યા પછી બધા થોડો સમય સુઈ જાય છે. સાંજ પડે બધા જાગે છે. બાળકોને મકાનની આસપાસ જીવજંતુઓ જોવા મળે છે. મૂળે જે જગ્યા પર નાયકે ઘર બનાવ્યું હોય છે એ જગ્યા ખેતરો હતાં. આથી ત્યાં વારંવાર જીવજંતુઓ નીકળતાં રહેતા એવું તેના પડોશીઓ પણ કહે છે. પહેલા જ દિવસે બાળકોને બહાર ફરવા જવાની ઇચ્છા હતી પણ બહારનું વાતાવરણ વરસાદ આવશે એવું લાગતાં સૌ કોઈ બહાર જવાનું માંડી વાળે છે. થોડી જ વારમાં વરસાદ પડવાનું શરૂ થઈ જાય છે. બાળકો વરસાદમાં અગાશી પર જતાં રહે છે. વળી નાયકને દિવાસ્વપ્ન આવવા લાગ્યા કે તેનું ઘર વરસાદમાં તણાઇ જશે. વરસાદના પાણી નવા ઘરમાં ટપકશે. એવામાં પડોશી શીલાબહેન સૌ કોઈને બૂમો પાડી પાડી બોલાવતા હોય છે. નાયક બહાર આવી જૂએ છે તો નવા મકાનના પાયામાં પાણી ઉતરતું હોય છે. આથી નાયક અને બાળકો ઘરમાં પડેલા સામાનથી પાયામાં માટી નાંખવા માંડે છે. એકબાજુ પાણી ઉતરવાનું બંધ થયું તો વળી બીજી બાજુ પાયામાં પાણી ઉતરવાનું શરૂ થતાં તે બાજુ પર પણ માટી નાખી દે છે.

રાત્રે બાળકોને ભૂખ લાગતાં નાયક બાળકો માટે સેવ બનાવી આપે છે. સેવ એની પ્રિય વાનગી હતી. આથી નાયક  સીમાની યાદોમાં ગરકાવ થઈ જાય છે. તેવામાં સેવ ખાઈ કરી બાળકો ફરી અગાશી પર જાય છે. ત્યાં બાળકોને ખિસકોલીનું હાડકું મળે છે. નાયક એ હાડકાંને ઉપાડી ઘરની બહાર ફેંકી દે છે. અનાયાસે બધાને નહાવું પડે છે. નવા ઘરમાં મોટા મોટા બાથરૂમોમાં નહાવાની સૌ કોઈને મજા આવે છે. નાહિ લીધા પછી બાળકો તો સૂઈ જાય છે. પણ નાયકને કેમે કરી ઊંઘ આવતી નથી. આમ, તો નાયકની ઊંઘ બહુ ગાઢ અને સારી હતી. તેના લીધે જ એક વખત તો ટ્રેનમાં સુઈ ગયા અને જે સ્ટેશને ઉતરવું હતું તે સ્ટેશનથી આગળના સ્ટેશને પહોંચી ગયા તેવી સ્મૃતિઓ નાયકની તાજી થાય છે.

નવલકથાનો આ રાત્રિવાળું પ્રકરણ સૌથી લાંબું પણ છે અને કંટાળાજનક પણ લાગે છે. કારણ કે અહીં નાયકના મંનોમંથનો છે, દિવાસ્વપ્નો છે. થોડોક ભૂતકાળ પણ છે. તેમ છતાં નાયકનું તરંગી વિચાર માનસ અહીં વિશેષ પણે પ્રગટ થયું છે. નાયક વિચારોમાંને વિચારોમાં આખી રાત વિતાવે છે. વહેલી સવારે તો નાયકને એવો વિચાર પણ આવે છે કે, 'છોકરાઓ અને હું ઊંઘની ગોળીઓ લઈ લઈએ. બસ, બધું ખતમ. અતિશય લંબાયેલો નાટકનો કંટાળાજનક અંક પૂરો થઈ જાય. પછી ભલે એને જોનાર તાળીઓ પાડે કે ગાળો ભાંડે. પછી કશી ચિંતા નહીં. કોઈ તનાવ નહીં, કોઈ નીરવ રાત્રી નહીં. પારિજાતનાં ફૂલને પછી વહેતી ગટર પર ખરવું હોય તો ખરે- આપણને શું? બસ, શાંતિ... શાંતિ... શાંતિ...' (પાના નં.૧૧૭)

જેમ તેમ રાત્રિ પૂર્ણ થાય છે. સવારે અચાનક એક રીક્ષા તેના ઘરેની સામે આવીને ઊભી રહે છે. તેમાંથી તેના પિતા અને બંને ભાઈ -દિનેશ અને ત્રિલોક ઉતરે છે. નાયક જૂએ છે કે તેના પિતાની હાલત સારી નહોતી. તેના પિતાને લકવો થઈ આવ્યો હતો એવું સમજતાં નાયકને બહુ સમય ન લાગ્યો. નાયકે અને બન્ને ભાઈઓએ ભેગા થઈ પિતાને મહામહેનતે રીક્ષામાંથી ઉતારી ઘરમાં લાવ્યા. દિનેશે અને ત્રિલોકે ઘરમાંથી આવી બધી વાત કરી કે પિતાજીને એકાદ અઠવાડિયા પહેલા લકવાની અસર થવા લાગી હતી. ગામડામાં ડોક્ટરો પાસેથી દવા લીધી. ત્રણ જેટલા ઇન્જેક્શન પણ લગાવ્યા છતાં કોઈ ફરક ન પડ્યો. આખરે તેઓ તેમને અહીં લઈ આવ્યા. અઠવાડિયા સુધી પિતાજીની યોગ્ય સારવાર ન થઈ એવું જાણી નાયક બંને ભાઈઓ પર ક્રોધિત થાય છે. ત્રિલોકની પત્નીને સુવાવડ આવવાની હોવાથી બા સાથે નથી આવી શક્યા એવું પણ નાયકને જાણવા મળે છે. નાયકના ઘરમાં ફરતાં ફરતાં ત્રિલોકને નાયકના માતા-પિતાનું એક ફોટોગ્રાફ મળે છે. જે ફોટોગ્રાફ તે પોતાના પિતાને બતાવે છે. લકવાગ્રસ્ત પિતા આ ફોટોગ્રાફ જોઈ ખુશ થાય છે પરંતુ બીમારીના લીધે પોતાની ખુશી વ્યક્ત કરી શકતા નથી. નાયકને ત્યારે એવું પણ લાગે છે કે તેના ભાઈઓ તેના પિતાને લઈને અહીં આવ્યા છે તેથી પોતાની તકલીફમાં વધારો થશે. પરંતુ ત્રિલોકે જ્યારે એવું કહ્યું કે દિનેશની પત્ની થોડા દિવસો પછી અહીં પોતાના બાળકો સાથે રહેવા આવશે જે નાયકને મદદ કરશે. પિતાની સારવાર કરવી એ પોતાની ફરજ સમજી નાયક તેમની સારવા કરવા લાગે છે. તેવામાં નાયકના ઘરે ચાર સાધુઓ આવે છે. એમાંના એક સાધુનું નામ  સ્વામી કૃષ્ણાનંદજી છે. આ ચાર સાધુઓ નાયક પાસેથી થોડા પૈસા લઈ જતા રહે છે અને

નાયક માટે પ્રાર્થના કરશે એવું કહે છે. તેવામાં ઘરમાં ઉંધઈ નીકળે છે. નાયકના પાડોશી શીલાબહેન પાસેથી પંપ લઈ ભાઈ ત્રિલોક ઘરમાં દવા છાંટી આપે છે. છેલ્લે નાયકના મનમાં ઉદ્ભવતા નીચેના શબ્દોથી નવલકથા પૂર્ણ થાય છેઃ 'અમને જીવવા દો. અમને સુખશાંતિથી જીવવા દો, કારણ કે અમે માણસ છીએ. કારણ કે અમે માણસ છીએ.' (પાના નં.૧૩૫)

કથાનો વાસ્તવિક સમય અહીં દોઠ જ દિવસનો છે પણ કાલ્પનિક સમય ઘણો ઉંડો છે. ક્ષણના વિસ્તાર માટે અહીં કલ્પન, ભ્રાંતિ, દિવાસ્વપ્ન, સ્વપ્ન અને ચેતનાપ્રવાહની પ્રયુક્તિનો ઉપયોગ થયો છે. સમગ્ર નવલકથામાં નાયક સંપૂર્ણ રીતે ઊંઘમાં સરી જતો નથી પરંતુ અડધી ઊંઘ અને અડધી જાગૃતિમાં સ્વપ્ન અને દિવાસ્વપ્નમાં રાચે છે. સતત ડરમાં જીવે છે. જે ઘર માટે તેણે તનતોડ મહેનત કરી પોતાની પત્નીનું, પોતાનું ઘરનું સ્વપ્ન સતત જીવ્યું અને સાકાર કર્યા પછી તે ઘરમાં ગયાની આ પ્રથમ રાત્રી હતી. ખરેખર તો સુકુન ભરી હોવી જોઇતી હતી પણ અહીં આ રાત દુઃસ્વપ્નોથી ભરપૂર બની જાય છે. તેનું ચિત્ત ઘડીભર પણ શાંત રહેતું નથી. એક પછી એક ડરના ઓળાઓ ધીરે-ધીરે મહાકાય રૂપ લઇને નાયકને ડરાવે છે. નાયક દોઢ વર્ષનો હતો અને તેની માતા મૃત્યુ પામી હતી. માંડ માંડ મળેલ સીમા જેવી પ્રેમાળ પત્નીને કેન્સર થતાં નાના બાળકો મૂકી મૃત્યુ પામે છે. પિતા તો પહેલેથી જ સાવકા જેવો વ્યવહાર કરતા હોય છે. જે માસા નાયક પ્રત્યે પ્રેમભાવ રાખતા પણ એ માસા માસીનું ઘર પણ છોડવું પડે છે. નાયકના જીવનમાં કોઇ લાંબો સમય રહેતી નથી. જેના પ્રત્યે તેને મમતા હોય છે એ બધું જ છીનવાઇ જતું હોય છે. ત્યારે આ ઘર પણ તેનાથી છીનવાઇ જશે તો ? આ ડર હરહંમેશ નાયકને સતાવ્યા કરે છે. નાયક પોતાની જાતને અભાગીયો અપશુકનિયાળ માને છે. નાનપણમાં નાયકે એક ચકલીનું બચ્ચું પકડેલ જેના પ્રત્યેના પ્રેમને કારણે કે, એ પંખી ઉડી જશે એ ડરે તેને હાથમાંથી છોડતો નથી અને એ પંખી હાથમાં જ મૃત્યુ પામે છે. નાયકના નવા ઘરના ખાતમૂહુર્તમાં સાપનું મરણ અને ગીધનું તેના ઘર પર મરેલ ખીસકોલી લાવવી વગેરે બાબતો તેના મનમાં પોતે પાપનો ભાગીદાર હોવાના પુરાવારૂપ ઘટનાઓ તરીકે ઉપસી આવે છે. આ બધુ પોતાની સાથે જ કેમ થાય છે? તેવાં વિચારો તેના મનમાં ઘૂમરાયા કરે છે અને તેના વ્યક્તિત્વને અંતર્મૂખી બનાવે છે.

જેના પર મમતા હતી તે તમામ વ્યક્તિને ખોઇ બેસનાર નાયક પોતાની જાતને અપશુકનિયાળ પાપી માનવા લાગે છે. આ નવું ઘર પણ તેનાથી છીનવાઇ જશે તેવાં ડરમાં-

વિચારોમાં સતત દબાયા કરે છે. આ ડર દિવાસ્વપ્નો, ભ્રમણાઓમાં પ્રગટ થાય છે. તેને વિચિત્ર ચિત્તાકૃતિઓ દેખાય છે. જે વાસ્તવમાં નથી તેવા ચિત્રો નાયકના મનના કેન્વાસ પર વારા ફરતી નાયકની ઇચ્છા વિરુદ્ધ ઉપસી આવે છે. નાયક કોઇ જ વિચાર કરવા માંગતો નથી છતાં આ વિચારો તેનો પીછો છોડતા નથી. એક સાઇકોલોજીકલ થ્રીલની જેમ નાયકના વ્યક્તિત્વની મનોરૂગ્ણતાને અહીં સ્વપ્ન ભ્રાંતિઓ દ્વારા સર્જક પ્રગટ કરવાનો પ્રયત્ન કરે છે.

નવલકથા પ્રથમ પુરુષની કથન પ્રયુક્તિથી રજૂ થાય છે એટલે નાયક પોતે જ પોતાના વિશે વાત કરે છે અને તેથી જ નાયક દ્વારા જ નાયક પ્રગટ થાય છે. આવા થોડા સંવાદો અને મનોમંથનો જોઈએઃ

‘મને ઘણીવાર લાગતું કે હું વધારે પડતો વેવલો છું. શા માટે આમ વિચારું છું?’ (પાના નં. ૩૦)

"‘સુખનું એવું છે ને’ મેં કહ્યું ‘એ મારી પાસે આવે છે ખરું, પણ ટકતું નથી. સુખ વેશ્યા જેવું છે. એ સ્થિર રહી શકતું નથી. અને હું થોડો કમનસીબ છું (પાના નં. ૩૮) (બિંદુ સાથેનો સંવાદ)

‘પણ મારું નસીબ તો મારાથી બે ડગલાં દૂર ને દૂર જ ભાગતુ.’ (પાના નં.૪૫)

‘આમાંથી બહાર નીકળી શકાય એમ નહોતું. આ એક એવું ઇંડું હતું કે જેનું કોચલું ભેદી ન શકાય. અંદરનો જીવ બહાર નીકળવા માટે મૂંઝાયા કરે ને એમ જીવ્યે જાય. એને કોઇકે વણમાગ્યું ચિરંજીવીતાનું વરદાન આપ્યું હતું.’ (પાના નં. ૬૦)

‘આ જમીન અપશુકનિયાળ હશે ? મને, કમનસીબને એ મળી. હું મારી જાતને કમનસીબ માનું છું’....‘હું નસીબદાર હોઉં તો મારા જન્મને સવા વર્ષ થયું ને મારી માતા સખત બીમાર પડી. સાંભળ્યા પ્રમાણે પડોશીની અધગાંડી સ્ત્રીના ધાવણથી મને ઉછેરવામાં આવ્યો. આમ કેમ બને?’ (પાના નં.૬૪)

‘પછી તો મારી મનોભૂમિમાં વીજળીઓ પડતી જ ગઇ. ને રાખ એકઠી થતી ગઇ.’ (પાના નં. ૭૧)

‘મને શું થયું છે ? ક્યાંથી આ બધા વિચારો આવ્યા કરે છે ? કેમ તેનો કોઇ છેડો દેખાતો નથી ? હું સહેજ પણ જંપી શકતો નથી. મારી બધી રાત્રીઓ આમ જ જશે ?’ (પાના નં.૮૭)

'મારા પલંગના ચારે ખૂણા પર લખેલું હતું 'પાપ'. જે તરફ પડખું ફેરવું તે તરફથી કોઇક મને કહે છેઃ 'તું પાપી છે, તું કમનસીબ છે.' (પાના નં.૧૧૫)

'મને લાગતું હતું જાણે કોઇક ચીસો પાડતા ભૂતની ચોટલી મેં કાપી લીધી છે. હવે એ ચૂપ છે પણ એના પડઘા મારા મનમાંથી શમ્યા નથી.' (પાના નં.૧૨૩)

આ તમામ સંવાદો નાયકનું વ્યક્તિત્વ આપણી સમક્ષ ખોલી આપે છે. નાયક વિચારશીલ, અંર્તમૂખી, નકારાત્મક વ્યક્તિત્વ ધરાવે છે. આ તમામ લક્ષણો તેની મનોરૂગ્ણતા તરફ પણ આંગળી ચીંધે છે. તેનું આવું માનસિક વ્યક્તિત્વ અને વિચારો સ્વપ્નો-દિવાસ્વપ્નો, ભ્રમણાઓ થકી રજૂ થાય છે. અગાઉ પણ કહ્યું તેમ 'મોહનિશા' નવલકથામાં સ્વપ્નો-દિવાસ્વપ્નો વચ્ચે ઝોલા ખાતી નવલકથા છે. સમગ્ર નવલકથામાં ઘરને ખોઇ બેસવાનો ઓથાર વરતાયા કરે છે. નવલકથાની શરૂઆતમાં જ નવા ઘર તરફ જતા હોય છે ત્યારેથી જ તેનું મન વિચારશીલ દિશામાં ગતિ કરે છે. જેમાં તે વિચારસ્વપ્નમાં સરે છે- 'માણસો ઇચ્છા મુજબ રૂપ લઈ શકતા હોત તો કેવું સારું! હું શાનું રૂપ લેવાનું પસંદ કરું? મને મૃગ થવાનું ગમે. અભ્યારણ્યમાં જોયાં હતાં તેવાં, પુસ્તકોમાં જેનો સાક્ષાત્કાર પામ્યો હતો તેવાં. હું યુથપતિના રૂપમાં મૃગલીઓથી વીંટળાયેલો, બાળમૃગોથી અનુસરાતો અહીં શહેરની સડકો પર દોડતો હોઉં. મારી સાથે સીમા પણ મૃગલીના રૂપમાં હોય, નેહાબહેન પણ હોઇ શકે.' (પાના નં. ૧૪)

આમ નાયક દરેક સમય વાસ્તવ કરતા તરંગોમાં વધુ ખોવાયેલ રહે છે. તેના આ તરંગાવસ્થાની દુનિયામાં વારંવાર આવતું મળતું પાત્ર તેની મૃત પત્ની સીમા છે. ઉપરના વિચાર સ્વપ્નમાં પોતાની જાતને હરણ એટલે કે મૃગ તરીકે કલ્પે છે. ભારતીય પરંપરામાં મૃગ એ સફળતા અને સમૃદ્ધિ અને શૃંગારનું પ્રતીક માનવામાં આવે છે.

જૂના ઘરેથી બધો સામાન લઈ જતી વખતે ટ્રક ડ્રાઇવર વરસાદમાં પોતાના તૂટતા ઘર વિશે વાત કરે છે ત્યારે નાયકના ચિત્તમાં ફરી તેનો કાયમી ડર ચિત્રાકૃતિ તરીકે ઉપસે છે -'મારું નવું મકાન વરસાદમાં તણાતું હતું. ચારે તરફ પાણી જ પાણી હતું. હું એ મકાનની અગાશીમાં ઊભો ઊભો બૂમો પાડતો હતો.

દૂરના એક મકાનની અગાશીમાં વરસાદમાં ભીંજાતા મારા પુત્રો મારી સામે જોઇ હાથ લંબાવી રડતા હતા. તેઓ એમ ઇચ્છતા હતા કે તેમના હાથ લાંબા થાય  ને મને તેઓ ઊંચકી લે. પણ તેઓ લાચાર હતા.

મકાનની દિવાલો ભાંગી પડી. હું મકાનની સાથે જ પાણીમાં ડૂબી ગયો. મારા મનમાં ઊંડા સંતોષ સાથે હું મરણ પામી રહ્યો હતો.

'ભલે મારા પ્રાણનો વિયોગ થયો, મારા મકાનનો વિયોગ નહોતો થયો.'

મેં આંખ બંધ કરી દીધી. મારા મનમાં થયું: 'આ મકાન મને પ્રાણ કરતાં પણ વિશેષ હતું' (પાના નં. ૧૫-૧૬)

આ દિવાસ્વપ્નમાં નાયકની ઘર પ્રત્યેની મમતા કેટલી ગાઢ છે તે જોઇ શકાય છે. નાયક પ્રાણ છોડવા તૈયાર છે પણ ઘરને છોડવા તૈયાર નથી. જે પોતાના ઘરનું સ્વપ્ન તે પળપળ જીવ્યો છે તેના ધબકારમાં જેનું વહન થયું છે એવા ઘર પ્રત્યેની તેની મમતા આગળ તેના શબ્દોમાં જ રજૂ થાય છે.

'સૃષ્ટી પર આ આકાર, આ સ્થળે, આ પૂર્વે નહોતો, મેં તેની રચના કરી હતી. તેની એક એક ઇંટમાં મારી મમતા હતી.' (પાના નં.૧૬)

નાયક જે નવા ઘરમાં જાય છે ત્યાં પાછળના ભાગમાં ગુલમહોર ઉગ્યો હતો. નાયકને ગુલમહોર ગમતો નથી તેને આ ગુલમહોર ગોવાળીયાની ટોળકીમાં  પ્રલંબાસુર જેવો લાગે છે. નાયક તેને કપાવી નાખવાનો વિચાર પહેલાં જ કરી ચૂક્યો હોય છે પણ કપાવી શક્યો નથી તેના કારણમાં એક સ્વપ્ન છે-

'મને સ્વપ્ન આવે કે આ ગુલમહોર નીચે સોનાના સાત ચરુ દાટેલા છે. એમ મુલનમાન સૂબો એનું બધું ધન અહીં લાવી દાટતો, કોઇ ન જાણે એમ. એના છોકરાઓએ એને મારી નાખ્યો.

સ્વપ્નમાં એ સુબો આવી મને કહેઃ 'યહ દોલત મેરી ઇકઠી કી હુઈ હૈ. અબ યે સારી તુમ્હારી. કટવા ડાલ યે પેડ ઔર નિકાલ લો યે દોલત. મૈં તુમ્હેં માલામાલ કર દેના ચાહતા હું'

હું એને હાથ જોડીને કહું: 'માફ કરો. હું આ ગુલમહોર નહીં કાપી શકું. મારે તમારી દોલત નથી જોઇતી. હું નોકરી કરું છું, હજી બીજાં પંદર વર્ષ નોકરી કરું એમ છું. ત્યાં સુધીમાં તો મારા છોકરા ભણીગણી ધંધે લાગશે. આ ઘરમાં દોલત આવવા લાગશે. મારે તમારું આપેલું નથી લેવું.'

સુબો એની લાંબી દાઢી પર હાથ ફેરવતાં એની વિકરાળ લાલ આંખો તગતગાવી મને કહે: 'અરે બેવકૂફ, કિતને સાલ તક એક ગધેકી તરહ મજદૂરી કરતે તુ મર જાયેગા લેકિન તેરે પાસ ઇતની દોલત કભી નહીં આયેગી. તેરે લડકે તુઝે ક્યા દેંગે? તું ઇનકે પીછે ક્યા ખર્ચ કર સકેગા? યહ સબ એક પેડકી ખાતિર?

હું બેબાકળો થઇ જોઇ રહું છું. કુહાડાના ઘા મને સંભળાય છે. કોઇક ગુલમહોરને કાપી રહ્યું છે. કોણ છે એ? મારા છોકરાઓ? બન્નેના હાથમાં કુહાડા છે. કુહાડાની ધાર પર ગુલમહોરનાં ફૂલ ચોંટી ગયાં છે, જાણે લોહીની ધારા. એમને અટકાવવા હું વૃક્ષને બાથમાં લઇ ઊભો છું પણ કુહાડા અટકતા નથી. મને લાગે છે કે મારી ચામડી છેદાય છે. ઘા મારા માંસમાં થઇને મારા હાડકાંને છેદી મને અનેક ટુકડાઓમાં ફેરવી નાખે છે.

છોકરાઓ ગુલમહોરનાં લાકડાં ભેગાં મારાં અસ્થિ પણ વેચી નાખે છે." (પાના નં. ૪૦-૪૧)

અહીં ક્ષણભંગુર સંબંધોની હકીકત રજૂ થઇ છે. ઉપયોગિતાનું જ મહત્ત્વ છે. નાયક જ્યાં નોકરી કરતો હોય ત્યાંનો મુનશી તેને ગોલમાલ કરી લોન ભરપાઇ કરવાનું સૂચવે છે. આ કામ માટે નાયકનું મન તૈયાર થતું નથી. અહીં તેના આંતર મનની દ્વિધા રજૂઆત પામી છે. હક વિનાનું તેને લેવું નથી પણ બીજી તરફ બાળકોના સારાં ભવિષ્યની ચિંતા છે. પોતે જો કામ નહીં કરે તો કોઇ બીજો કરશે તેવો ખ્યાલ પણ આ સ્વપ્નમાં ઇંગીંત થાય છે.

બીજું એક સ્વપ્ન નાયકના બાળપણની યાદો સાથે જોડાયેલું છે. જેમાં નવીન નામનાં પડોશી બાળક સાથે થયેલ ઝઘડો અને તેનું કારણ વગેરે દર્શાવાયા છે.

'નવીન એકવાર મને સ્વપ્નમાં પણ દેખાયો હતો. એ ઘોડાગાડી ચલાવતો હતો. મને જોઇ એણે ગાડી ઉભી રાખી ને મને કહ્યું: 'બેસી જા ગાડીમાં. તને ઘર સુધી મૂકી જાઉં.'

'હું તારી ગાડીમાં બેસવા માગતો નથી.'

'હજી રીસ છે? એમ હોય તો લે, મને એકવાર બચકું ભર' એણે હાથ લાંબો કર્યો. મેં એને બચકું ભર્યું. એવા જોરથી દાંત બેસાડ્યા કે માંસ નીકળી પડે પણ એને કાંઇ થતું નહોતું. એ તો મારી સામે જોઈ હસતો હતો. મેં એનો હાથ છોડી દીધો. પછી જ મને ખબર પડી કે એણે હાથ પર ચામડાનો પટ્ટો પહેર્યો હતો.

એ બોલ્યોઃ 'હવે તો બેસી જા ગાડીમાં.'

હું એની ગાડીમાં બેઠો. એણે ચાબુક મારી ગાડી દોડાવી મૂકી.

ગાડી દોડતી દોડતી દરિયાકિનારે જઈ પહોંચી.

એણે કહ્યુંઃ 'ચાલ, આપણે દરિયામાં નહાવા જઇએ.'

હું સમજી ગયો કે એ મને ઊંડા પાણીમાં ઉતારી ડૂબાડવા માગે છે પણ હું કાંઈ કરી શકતો નહોતો. મારે એને ઘણું બધું પૂછવું હતું પણ બોલાતું જ નહોતું.

એની સાથે સાથે દરિયાના પાણીમાં આગળ ને આગળ ચાલી રહ્યો હતો. પાણી એકદમ ઠંડું હતું.

એ સમયે જ આંખ ખૂલી ગયેલી.'' (પાના નં. ૪૪-૪૫)

આ સ્વપ્નમાં નાયક સાથે થયેલ વર્તનનો તેવી જ રીતે બદલો લેવા જતા સામે વાળા વ્યક્તિને પોતે ભોગવેલ યાતનાઓ આપી શકતો નથી. નવીનથી માર પણ ખાય છે અને પિતાનો ગુસ્સો પણ સહન કરે છે. નવીન સ્વપ્નમાં તેને યુક્તિ કરી ઊંડા પાણીમાં ડૂબાડે છે. જીવનરૂપી અથાગ જળમાં પણ હવે તે સહારા વિનાનો રહેવાનો છે. તેની માતા મૃત્યુ પામે છે. અહીં સ્વપ્નમાં હું ઇચ્છવા છતાં રાડો પાડી શકતો નથી. આ સાઇકોલોજીકલ ઇફેક્ટ છે. ઘણી વાર સ્વપ્નમાં માનવી રાડો નાખવા ખુબ તડપે છે પણ અવાજ નીકળતો નથી. આમ આ સ્વપ્ન વાસ્તવિકતાની સૌથી નજીક છે. અહીં ક્ષણભર લાગે કે સ્વપ્નમાં નવિન શા માટે ? અહીં સ્વપ્નમાં પાત્રનું વિસ્થાપન થયું હોય એવું લાગે છે. નાયકને સંસાર રૂપી મધદરિયે એકલો છોડી જનાર સીમા કે પછી તેને ક્યારેય જીવનમાં કોઇ મદદ ન કરનાર ક્રોધિત પિતા કોઇપણનું નવિનના પાત્ર દ્વારા વિસ્થાપન થયું છે. આ સ્વપ્નમાં

નાયક કાંઇ પણ કરી ન શકતા તેની વિવશતા છતી થાય છે. એટલે કે, નાયક કોઇના દોરવાયા દોરવાય છે તેનો દોરી સંચાર અન્યના હાથમાં છે.

નાયક સતત જાગતી આંખે ડરના પ્રવાહમાં તણાયા કરે છે. આ ડર ભ્રમણાના જાળા બની તેની આસપાસ ગુંથાયા કરે છે. પોતાની સામે પોતાના ઘરને અનેક પ્રકારે ખોઇ બેસવાના દુઃસ્વપ્નો નિહાળે છે. પોતે જે નવા ઘરે છે ત્યાં અચાનક વરસાદ તૂટી પડે છે અને તેમાં બધા તણાઇ જશે તેવી દહેશત છે.'મારા હ્રદયમાં ભય વ્યાપી રહ્યો હતો- કદાચ આ મકાન પડી જાય, પાણીના પ્રવાહમાં તાણાઇ જાય. હું કંપી ઉઠ્યો. મારું સર્વસ્વ હોડમાં મૂકી મેં આ ઇમારત ઉભી કરી હતી.' (પાના નં.૬૧)

આમ ક્ષણે ક્ષણે તેને પોતાનું ઘર છીનવાઇ જવાનો ડર લાગે છે. એ ડરમાં ઘર પ્રત્યેની મમતા આગમાં ઘી હોમવાનું કામ કરે છે. રાત્રીના સમયે તેનો આ ડર નીત નવા વાઘા પહેરીને આવે છે. બહારનો વરસાદ સમી ગયો હોય છે પણ અંદર ઘોડાપુર ચાલે છે.

''એકાએક લાગ્યું, જાણે પૂર આવવાનો ભય દર્શાવતી સાયરનો વાગી રહી છે. આખું શહેર ઊંઘમાંથી આંખો ચોળતું બેઠું થઇ ગયું હોય. બધા નદીની વધી જતી સપાટી જોઇ નાસભાગ કરતા હોય.

નદીના પાણીનો પ્રચંડ  ઘુઘવાટ હવે વાતાવરણમાં ગાજી રહ્યો છે.

નદીનું પાણી આખા શહેર પર ફરી વળે તો શું થાય ? એક બીજુ મોંહે-જો-દડો કે લોથલ.

ઘણીવાર ફિલ્મોમાં માઇલોનો વિસ્તાર પાણી તળે ડૂબ્યાનું દશ્ય જોયું છે. એ દશ્ય મારી આંખો સામે જીવતું થઈ ઉઠ્યું.'' (પાના નં.૮૪)

આવા અનેક દશ્યો તેને આખી રાત સતાવે છે. તેને આ કાંઇ જોવું નથી. કાંઇ સાભંળવું નથી છતાં આ સ્વપ્ન દશ્યો તેનો પીછો છોડતા નથી. ગુજરાતીમાં આને 'વિચારવાયુ' કહે તેવો જ કોઇ માનસિક રોગ થયો હોય તેવું લાગે છે. કોઇ માણસ એકલો રહેતો હોય અને અંતર્મૂખી હોય ત્યારે તેના મનમાં સતત વિચાર ચાલતા રહે છે. તેવું જ કંઇક 'મોહનિશા' નવલકથાના નાયક સાથે

થાય છે. એક માનસિક તાણમાં નાયક જીવે છે. આ તાણ તેને સ્વપ્નોમાં ખેંચી જાય છે, ત્યારે નાયકને લાગે છે કે, કોઇક શક્તિ તેના ઘરને તાણી જશે.

‘‘નદીના પાણીનો પ્રવાહ મારા મકાન ભણી આવી રહ્યો હતો. લોકો વિહ્વળ નજરે એ જોતા ને એકબીજાને કહેતાઃ ‘જે લેવાય તે લઇને ચાલો. ક્યાંક બીજે જતા રહીએ.’’’ (પાના નં. ૮૪)

બધાં જ પોતપોતાના ઘર છોડી સુરક્ષિત સ્થાન પર જતા હોય છે ત્યારે સ્વપ્નમાં પણ એ પોતાના ઘરને છોડીને જતો નથી. પોતાના બાળકો તથા પત્નીના ઘરેણાંને (છેલ્લી નિશાની અને મિલકત જે ગણો તે) શીલાબહેન સાથે મોકલી દે છે ત્યાં જ તેની પત્ની સીમા તેને મોતને વહાલું કરતા રોકે છે. ‘છોકરાંઓને એકલા મૂકીને તમારે ક્યાંય આવવાનું નથી.’ (પાના નં. ૮૬) અહીં બાળકોની જવાબદારીનું ભાન સ્વપ્નમાં પણ અજાગ્રત મનમાં ઉભરી આવે છે. આ તમામ સ્વપ્નો નાયકની વૈચારિક દુનિયા છે. માત્રને માત્ર તેના મનના તરંગો છે. નાયકને ઘણીવાર પોતાના આ વિચાર વંટોળનો ભાર લાગવા લાગે છે ‘મને શું થયું છે? ક્યાંથી આ બધા વિચારો આવ્યા કરે છે? કેમ તેનો કોઇ છેડો દેખાતો નથી? હું સહેજ પણ જંપી શકતો નથી. મારી બધી રાત્રીઓ આમ જ જશે?’ (પાના નં. ૮૭)

આગળ એક દિવાસ્વપ્ન આવે છે જેમાં તેના બાળકો તેને કેવી રીતે સાચવશે તેના ખ્યાલો રજૂ થાય છે. તેના પુત્રો તેને ખુબ જ સાચવશે તેવી આશા દર્શાવતા આ દિવાસ્વપ્નમાં ભવિષ્ય વિશેના મતો અને પુત્રપ્રેમ પણ જોવા મળે છે. નાયક નવા રહેવા આવ્યા ત્યારે જે પડોશી સરખી રીતે બોલાવતા પણ નથી તેની પુત્રીને સ્વપ્નમાં પોતાના બાળક સાથે પરણાવી આનંદ લે છે. આને નર્યા શેખચીલ્લીના વિચારો જ કહેવાય.

આમ નાયક જાગતા-ઉંઘતા ભવિષ્યના સ્વપ્નો અને કલ્પનામાં ઘરને ખોવાના નાઇટમેરમાં પડખા ફર્યા કરે છે. તેની પત્ની સાથે વિતાવેલો સમય પણ આંખો સમક્ષ ખડો થાય છે. નાયક તેના મનને શાંત કરવા મથે છે પણ મન તો માણસના કાબૂમાં ક્યારેય આવ્યું છે? તેને ઘડીક ઘરમાં તમરાં તો કોઇ જીવજંતુ અને ક્યારેક તો સાપ હોવાનો ભાષ થાય છે. તેને અનેક ભ્રમ થાય છે કે,

‘આ જમીનમાંથી કોઇક દેવ ઉભો થાય છે. એના બલિષ્ઠ પગ વડે લાત મારી મકાનને દૂર ફંગોળી દે છે.’ (પાના નં. ૧૦૫)

'બંધ આંખો સામે અનેક ટોળાં ફરે છે. કોઇક બારીનો કાચ તોડી અંદર પેસી આવે છે. એ મારી છાતી ઉપર બેસી એના ધારદાર નખથી ખોતરીને મારી ચામડી ઊતરડે છે. પછી મારા શરીરમાંની શિરાઓ બહાર ખેંચી એને મોઢામાં મૂકી, કોઇક બાટલીમાંથી પીણું પીતા હોય તેમ, મારું રુધિર પી જાય છે.' (પાના નં. ૧૦૫-૧૦૬)

ડરના ઓથારમાં નાયક પડખું પણ ફેરવી શકતો નથી તેને લાગે છે કે હજું પેલું ગીધ ઓશીકા પાસે બેઠું છે. અહીં  નાયકના શરીરની ચામડી નહીં તેના સ્વપ્નની ચામડી ઊતરે છે. નાયક પોતે જ ઘરમાં પરિવર્તિત થઇ ગયા છે. અને એક ભયાનક ઓળો નાયક રૂપી ઘરની શીરાઓ છેદે છે. નાયક ઊંઘવા ઇચ્છે છે પણ ઊંઘી શકતો નથી. આખા દિવસમાં ઘર બદલવાનો થાક છે અને નવા ઘરમાં ગોઠવાઈ જવાની મથામણ આવી પરિસ્થિતિમાં વ્યક્તિને ભયાનક સ્વપ્ન આવી શકે છે. આવું જ એક ભયાનક સ્વપ્ન તેને આવે છે જ્યાં તેના પલંગના પાયા જ નાગ બની જાય છે. અને નાગ એકબીજાને કહે છે કે,

'આ નકામો બોજો ઊંચકીને આપણે તો થાકી ગયા. ચાલો, એકસાટા મૂકી દઇએ. છોને પડીને પાતાળમાં પહોંચી જતો.'

એક-બે-ત્રણ ને મારો પલંગ નીચે ને નીચે ઉતરવા લાગ્યો.

'મારા છોકરાને એકલા પાડી મને ક્યાં લઇ જાઓ છો?' હું બોલું છું પણ મારું કોઇ સાંભળતું નથી.

મારા હાથ એમ જ ઊંચા રહી જાય છે. મારા હાથની ખુલ્લી હથેળીમાં દેવચકલી માળો બાંધે છે. મારા હાથ ઉપર થઇને ચઢી એક નાગણ દેવચકલીનાં ઇંડા ખાઈ જાય છે.

મારા હાથ ઉપર એક ધજા ભરાવવામાં આવે છે. લોકો એની સામે ઘીના દીવા બાળે છે. કહે છેઃ 'આ હાથનું ઘણું સત છે.'

ત્યાં સુધીમાં મારા શરીરને જીવડાંએ કોરી ખાધું હોય છેઃ એક હાથ એમ જ ટટાર ઊભો છે.'' (પાના નં.૧૦૭)

અહીં આવતો નાગ નાયકના ઘરના ખાતમૂહુર્ત વખતે નાયકના હાથે મરેલ નાગ સાથે અનુંસંધાન સાધે છે. પેલી દેવચકલી એટલે તેનું હર્યુ ભર્યું ઘર અને તેને નાગણ આવી વિનાશ નોતરે તે જ તેનો મનનો જૂનો છૂપો સુખને ખોઇ બેસવાનો ડર. ફ્રોઇડના મનોવૈજ્ઞાનિક દ્રષ્ટિકોણથી આ સ્વપ્નને તપાસીએ તો સાપ એ સુષુપ્ત કામનાનું પ્રતીક બને છે. આગળ પણ એક દિવાસ્વપ્નમાં પોતાને મૃગ અને પોતાની પત્ની સાથે પાડોશી શીલાબહેનને પણ મૃગલીના રૂપમાં કલ્પે છે. ઓફીસની સહકર્મચારીણી બિંદૂને વિશે મિત્રો દ્વારા થતા સંવાદો નાયકને અંદર અંદર ગમે છે. નાયકને રસોઇ બનાવતી બિંદૂમાં પોતાની પત્ની, માસી, ફિલ્મની નાયિકા વગેરે દેખાય છે. આ બાબતો તેના દબાયેલા વિષયી સ્વભાવને દર્શાવે છે. આવા જ સ્વપ્નોમાં રાત્રીના ત્રણ વાગી જાય છે. નાયકના લાખ પ્રયત્નો છતાં તેને ઊંઘ આવતી નથી. તે વિચારે છે કે ‘હે ભગવાન બાપા, મને ઊંઘ આપો, મને શાંતિ આપો, મને સુખ આપો.’ (પાના નં. ૧૦૮) પણ મળે છે ભ્રમ, ડર.

‘હું પલંગમાં સૂતો છું. મારા હાથ અને પગ ફેલાયેલા પડ્યા છે. એમ લાગે છે કે, મારાં બધાં અંગો છૂટાં પડી ગયાં છે. અને કોઇએ આવી તે બધાંને વેરવિખેર કરી નાખ્યાં છે. મારી બે આંખો પણ છૂટી પડી ગઇ છે.

બંને આંખો જુદું જુદું જુએ છે. એકમાં રાતો પ્રકાશ ઝળહળે છે; બીજીમાં છતનો ચૂનો અંજાયો છે.

હું ક્યાં છું તે મને સમજાતું નથી.

થોડીવાર એમ જ છત સામે તાકતો સૂતો રહ્યો. લાગતું હતું કે કોઈ મારું બારણું ખખડાવે છે. અત્યારે કોણ હોઇ શકે તે નક્કી કરી શકતો નથી. શક્ય છે કે ચોર હોય.

હું બારણું ખોલું કે તરત મને ધક્કો મારી એ અંદર ઘૂસી આવે. એના હાથમાં લાંબું રામપુરી ચાકુ હોય.

એ મને કહેઃ ‘દેખ, અવાજ મત કરના, વરના સિને મેં ઉતાર દૂંગા’

આવું ઘણી જગાએ બનતું સાંભળ્યું હતું.’’(પાના નં.૧૦૮-૧૦૯)

આગળ કહ્યું તેમ નવું ઘર હોય એટલે ત્યારે અપરિચિતપણાનો ડર પણ હોય. રાત્રે માણસને ભાસ-આભાસ વધુ થતા હોય છે. માણસ એકલો હોય અને રાત્રીનો સમય હોય ત્યારે પણ તેને આવા આભાસ વધુ થતા હોય છે. અહીં પણ એવા જ કંઇક આભાસો છે. શરૂઆતના સ્વપ્નો-દિવાસ્વપ્નોમાં નાયકના મનમાં રહેલ ઘર છીનવાઇ જવાનો ડર છતો કરે છે. જ્યારે પાછળના સ્વપ્નોમાં નાયક પોતે જ ઘર બની જાય છે અને હવે એ પોતે જ ઘરની જેમ વિખેરાઇ જશે તેવું લાગે છે. અંતિમ સ્વપ્નોમાં હવે ઘર છીનવાઇ જવાના ડરને બદલે પોતે જ ઘરથી દૂર થઇ જશે તેવો વિચાર રજૂ થવા પામ્યો છે.

સમગ્ર નવલકથા સ્વપ્ન, દિવાસ્વપ્ન, ભ્રમ, વિચારોના ઝાળાથી ગૂંથાતી જાય છે. રમણલાલ જોષી નવલકથાને ચૈતસિક વ્યાપારોની સૃષ્ટિ કહી જણાવે છે કે, ''નાયક ક્યારેય પણ જાગ્રત આવસ્થામાં જીવે છે કે કેમ એની શંકા જાય એટલી હદે તે સ્વપ્ન અને દિવાસ્વપ્ન જુએ છે.'' (રમણલાલ જોષી - 'મોહનિશા': ચૈતસિક વ્યાપારોની સૃષ્ટિ.(પ્રસ્તાવના, પાના નં.૧૧)

નવલકથાના છેલ્લા ત્રણ સ્વપ્નોને બાદ કરતા સરળ અર્થઘટન કરી શકાય એ પ્રકારના છે. ધીરે ધીરે આ સ્વપ્નો ગહન થાય છે. શરૂઆતના સ્વપ્નોમાં વિચારો રજૂ થાય છે જેને કારણે આ સ્વપ્નોમાં વર્ણનો વધુ પ્રમાણમાં જોવા મળે છે. આ વર્ણનો સ્વપ્નમાં ચિત્રાત્મકતા લાવવા સહાયરૂપ બને છે તો ક્યારેક કંટાળો પણ જન્માવે છે. નવલકથામાં આવતું સ્વપ્ન આડકથા જેવું હોય છે. આડકથાનો સંદર્ભ મૂળકથા સાથે જોડાયેલો ન પણ હોય જ્યારે સ્વપ્નનો સંદર્ભ નવલકથા સાથે ગાઢ રીતે જોડાયેલો હોય છે. આ સ્વપ્નો ચેતનાપ્રવાહની મુખ્ય પ્રયુક્તિને સહાયક બને છે. ક્ષણભર તો સ્વપ્ન એકોક્તિ લાગે અને ક્યાંય એકોક્તિ પણ સ્વપ્ન જેવો ભાસ જન્માવે એટલે કે નવલકથાની ભાષા એટલી રસળતી છે કે, વાચક નક્કી ન કરી શકે કે, નાયક જાગૃત અવસ્થામાં છે કે, સ્વપ્ન-દિવાસ્વપ્નમાં છે.

નવલકથામાં પ્રતીકો ઘણાં છે પરંતુ સ્વપ્ન પ્રતીકોની સંખ્યા ઓછી છે. જેમાં એક સાપનું પ્રતીકને અને નાયકના પૂજાતા હાથ સિવાય બલિષ્ટ કહી શકાય તેવા સ્વપ્ન પ્રતીકો મૂકાયા નથી. 'મોહનિશા'ના સ્વપ્નો નાટ્યાત્મક અને ચિત્રાત્મક વર્ણનો દ્વારા રજૂ થતા જોવા મળે છે. આ વર્ણનો ક્યારેક વિચાર હોય તેવું પણ લાગે જેમ કે, શરૂઆતનું મૃગ-મૃગલી વાળું દિવાસ્વપ્ન. સમગ્ર નવલકથામાં નાયક સંપૂર્ણપણે ગાઢ ઊંઘમાં સરી જતો નથી એટલે કે નાયક સ્વપ્ન અને જાગૃતિ

વચ્ચેની અવસ્થામાં જીવે છે. અહીં કોઇ તેને સાંભળનાર નથી કે નથી તેને સમજનાર. એટલે જ એ પોતાની જાત સાથે વાતો કર્યા કરે છે. આ કારણથી જ આપણને વિચાર  અને વર્ણન વચ્ચે ભેદ કરવામાં તકલીફ પડે છે.

એકંદરે મનોવૈજ્ઞાનિક નવલકથા તરીકે ઉપસી આવતી આ નવલકથામાં સ્વપ્ન પ્રયુક્તિનો ઉપયોગ કરવાનો ઘણો અવકાશ હતો. નાયકનું ચરિત્ર એ રીતે ઘડાયું છે પરંતુ, મુખ્ય પ્રયુક્તિ ચેતનાપ્રવાહ હોવાના લીધે સ્વપ્નપ્રયુક્તિ સહાયક બનીને રહે છે. ચિંતનતત્વના ભારને કારણે મનોવૈજ્ઞાનિક કરતા ચિંતનાત્મક કૃતિ તરફ 'મોહનિશા' વધુ ઢળતી હોય એવું લાગે છે.

નોંધઃ તમામ અવતરણો દવે પિનાકિન્, મોહનિશા, આર.આર. શેઠ કંપની, પ્રથમ આવૃત્તિ-૧૯૮૧માંથી.